# કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી કોલેજ
# આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા-૩૮૯૦૦૧

## “ગોબર ગેસનું મહત્વ અને તેની ઉપયોગિતા”
## એક દિવસીય મહિલા તાલીમ અને નિદર્શન કાર્યક્રમ

આણંદ કૃષિ યુનિવર્સિટી ની કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા ખાતે “એડવાન્સડ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેઈનર્સ ટ્રેઈનીંગ ઓન એગ્રિકલ્ચરલ એંજિનિયરિંગ બેઝ્ડ ઇન્ટરવેનસનસ” પ્રોજેક્ટ અંતર્ગત રિન્યુએબલ એનર્જી એંન્જીનિયરિંગ વિભાગ અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા ના સંયુકત ઉપક્રમે “ગોબર ગેસનું મહત્વ અને તેની ઉપયોગિતા” વિષય પર તારીખ ૦૨/૦૭/૨૦૨૨ ના રોજ એક દિવસીય મહિલા ખેડૂત તાલીમ અને નિદર્શન કાર્યક્રમ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા ખાતે યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મોટા હાથીદ્રા ગામથી ૪૦ જેટલી ખેડૂત મહિલાઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆત પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને કરાઇ હતી.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. આર. સુબ્બૈયાહ સાહેબ, આચાર્ય અને વિધ્યાશાખાઅધ્યક્ષશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલૉજી, ગોધરા; ડૉ. વાય. બી. ચૌહાણ સાહેબ, યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા તેમજ કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજના અને દેવગઢબારિયાના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ હાજર રહ્યા.

કોલેજના આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ.આર.સુબ્બૈયાહ સાહેબ, તાલીમાર્થીઓને બાયોગેસ ટેક્નોલૉજી એ વધતી જતી ઉર્જાને પહોંચી વળવા માટે સૌથી યોગ્ય વિકલ્પ તેમજ ઘરોમાં પ્રકાશ, સિંચાઇ અને નાના ઉધ્યોગો માટે પણ બાયોગેસની ઉપયોગિતાથી માહિતગાર કર્યા. વધુમાં પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્રોતોનો ખેતીમાં ઉપયોગ કેવી રીતે કરી ખેડૂત તેની આવક કેવી રીતે વધારી શકે તેની માહિતીપણ આપેલ હતી. ડૉ. વાય. બી. ચૌહાણ, યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા એ ખેડૂત મહિલાઓને ખેતીમાં બાયોગેસના ફાયદાઓ વિષે તથા જુદી જુદી ખેત આડપેદાશોમાંથી બાયોગેસ કેવી રીતે ઉત્પન્ન થાય અને બાયોગેસ સ્લરીનો ખેતરમાં ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે તેમ જણાવેલ હતું.













સદર તાલીમમાં ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજના ના પી. આઈ. કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા “ગોબર ગેસ એટલે શું? અને તેની પ્રાધ્યાનતા” અને “જુદા જુદા કચરા/ ખેત આડપેદાશોનો બાયોગેસમાં ઉપયોગ” વિષય પર, ઈજ. જે. શ્રવણકુમાર, આર. ઇ. ઇ. વિભાગ દ્વારા “સૂર્યકુકરનું મહત્વ અને તેની ઉપયોગીતા” વિષય પર અને ઈજ. જે. જે. ચાવડા, આર. ઇ. ઇ. વિભાગ દ્વારા “જુદા જુદા પ્રકારના બાયોગેસ પ્લાન્ટ અને તેના ફાયદા અને ગેરફાયદા” વિષય પર વ્યાખ્યાન આપવામાં આવેલ હતા. તદ્ઉપરાંત મહિલા તાલીમાર્થીઓને બોક્સ ટાઇપ સૂર્યકુકર કેવી રીતે કાર્ય કરે છે અને તેની અંદર ભાત બનાવી તેનું સીધું પ્રાયોગિક નિદર્શન તેમજ ટોપ ફિડિંગ ટાઇપ નિર્ધૂમ ચૂલાનું પણ સીધું પ્રાયોગિક નિદર્શન કરી બતાવવામાં આવેલ હતું. મહિલા ખેડૂત બહેનોએ સદર તાલીમમાં બતાવેલ બાયોગેસ ની ઉપયોગિતા, બૉક્સ ટાઇપ સૂર્યકુકર તેમજ ટોપ ફિડિંગ ટાઇપ નિર્ધૂમ ચૂલા તેમને કેવી રીતે ઉપયોગી થશે તેના અભિપ્રાય પણ આપેલ હતા.

તાલીમના અંતે ઈજ. જે. શ્રવણકુમાર,મદદનીશ પ્રાધ્યાપક આર. ઇ. ઇ. વિભાગ દ્વારા આમંત્રિત મહેમાનો, ખેડૂત બહેનો તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી.